## કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આણંદ કૃષિ યુનિવર્સિટી, દેવાતજ દ્વારા ખેડૂત બહેનોને સ્ટાર ફ્રુટ (કમરખ) ની મુલ્ય વર્ધિત બનાવટો તૈયાર કરવાની તાલીમ

કૃષિ વિજ્ઞાન કેન્દ્ર, આ.કૃ.યુ., દેવાતજ દ્વારા તારીખ ૦૬/૦૧/૨૦૨૧ ના રોજ સોજીત્રા તાલુકાનાં ૧૯ ખેડૂત બહેનોને કેવિકે ખાતે સ્ટાર ફ્રુટ (કમરખ) ની મુલ્ય વર્ધિત બનાવટો તૈયાર કરવાની તાલીમ આપવામાં આવી. પ્રોગ્રામ આસી. (ગૃહ વિજ્ઞાન) દ્વારા બહેનોને કમરખના ફળ અને સ્થાનીક ઉપલબ્ધતા વિશેની જાણકારી આપી તથા તેના પોષક તત્વો તેમજ ફાયદાઓ વિશે વિસ્તૃતમાં ચર્ચા કર્યા બાદ તેઓને કમરખની મૂલ્ય વર્ધિત બનાવટો જેવી કે કમરખનો શરબત, અથાણું, જામ, ચટણી તથા કમરખનું શાક બનાવવાની વિસ્તૃતમાં માહિતી આપી ત્યારબાદ તાદ્રશ્ય નિદર્શન બતાવી કમરખની વિવિધ વાનગીઓ બનાવતા શીખવ્યું.

તાલીમના અંતે વરિષ્ઠ વૈજ્ઞાનિક અને વડાશ્રી ડો. જી. જી. પટેલ દ્વારા દરેક વાનગી ટેસ્ટ કરી બહેનોને તેઓ તેમના ઘરે પણ સદર વાનગીઓ બનાવે તેવું પ્રોત્સાહન આપ્યું તેમજ પરિવારનું સ્વાસ્થ્ય જળવાય તે માટે કિચન ગાર્ડન બનાવવા પરત્વેની સમજ આપ્યા બાદ સર્વે બહેનોનો આભાર વ્યક્ત કરવામાં આવ્યો.








